# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM SOMNATH FINAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને વિભાજનકારી તત્વોને હરાવવા માટે એક રહેવાની અપીલ કરી છે. પ્રભાસ પાટણમાં "સોમનાથ સ્વાભિમાન પર્વ" નિમિત્તે દેશવાસીઓને તેમના મૂળ સાથે જોડાયેલા રહેવા અને વિકસિત ભારત માટે ખભાથી ખભો મિલાવીને ચાલવા આહ્વાન કર્યું.

(BYTE: PM MODI) – VIRASAT

પ્રધાનમંત્રીએ સોમનાથ સ્વાભિમાન પર્વને અતૂટ આસ્થા અને સમર્પણનો પર્વ ગણાવ્યો. તેમણે કહ્યું, આ માત્ર ઐતિહાસિક વૈભવનું જ પ્રતીક નહીં, પરંતુ તે સોમનાથ મંદિરની અનંત યાત્રાને ભાવિ પેઢીઓ સુધી પહોંચાડવાની તક પણ છે. પ્રધાનમંત્રીએ કહ્યું, આપણી સભ્યતા આપણને બીજાને હરાવવાનું નહીં, પરંતુ સંતુલિત જીવન જીવવાનું શીખવે છે. સોમનાથ આપણને પ્રેમનો સંદેશ આપે છે તેમ પણ શ્રી મોદીએ ઉંમેર્યું. પ્રધાનમંત્રીએ કહ્યું, અનેક હુમલાઓ બાદ પણ સોમનાથ મંદિર અકબંધ રહ્યું અને ઘણી વખત તેનું પુનઃનિર્માણ પણ કરાયું છે.

.

---------------

# SOMNATH KALAKAR

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સોમનાથ મંદિરમાં યોજાયેલી શૌર્યયાત્રાનું નેતૃત્વ કર્યું. આ યાત્રાને જોઈ ભક્તો મંત્રમુગ્ધ બન્યા હતા. જુનાગઢથી શૌર્યયાત્રા જોવા આવેલા વિઘ્નેશા સોલંકીને સાંભળીએ.**

**(BYTE: VIGNESHA SOLANKI)**

**દરમિયાન વિવિધ રાજ્યમાંથી આવેલા અનેક કલાકારોએ સોમનાથમાં પ્રધાનમંત્રીનું આગમન કર્યું હતું. ઉત્તરપ્રદેશના મથુરાથી આવેલાં એક કલાકારે પ્રતિભાવ આપ્યો.**

**(BYTE: MATHURA ARTIST)**

. . . . . . . . . . . . . .

# PM VGRC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો માટે વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનું ઉદ્ઘાટન કર્યું હતું. અને આ પ્રસંગે યોજાયેલા પ્રદર્શનનું અવલોકન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સહિત ઉદ્યોગપતિઓ, વેપાર જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચાર વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદોમાં આ બીજી પરિષદ છે, જે સફળ "વાઇબ્રન્ટ ગુજરાત" મોડેલનું વિકેન્દ્રીકરણ કરવા માટે રચાયેલ છે, જે રોકાણની તકો અને ઔદ્યોગિક વિકાસને સીધા સૌરાષ્ટ્ર અને કચ્છના બાર પશ્ચિમ જિલ્લાઓના ઘરઆંગણે લાવે છે.

ત્યારબાદ આજે પ્રધાનમંત્રી અમદાવાદ મેટ્રોના ફેઝ 2 ના બાકીના ભાગનું ઉદ્ઘાટન સેક્ટર 10A થી ગાંધીનગરમાં મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન સુધી કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET INDIA NEW ZEALAND

**ક્રિકેટમાં ભારત આજે વડોદરામાં ત્રણ મેચની ક્રિકેટ વન-ડે આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં ન્યૂ ઝિલેન્ડ સામે રમી રહ્યું છે. આ શ્રેણીમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા અનુભવી ખેલાડીઓ ફરીથી મેદાનમાં ઉતરશે. થોડી વાર પહેલા શરૂ થયેલી મૅચમાં ભારતે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.**

**હાલમાં મળતા અહેવાલ મુજબ, ન્યૂ ઝિલેન્ડની ટીમે 13.1 ઑવરમાં વિના વિકેટે 63 રન કર્યા છે. ભારતીય ટીમ શુબમન ગિલ અને ન્યૂ ઝિલેન્ડની ટીમ માઈકલ બ્રેસવેલના સુકાની હેઠળ રમી રહી છે.**

. . . . . . . . . . . . .

# GNR ANJANADHAM BHUMIPUJAN

ગાંધીનગરના જમિયતપુરા ખાતે વિશ્વ આંજણાધામનો ભૂમિપૂજન સમારોહ યોજાયો. ગાંધીનગરમાં અંદાજે 300 કરોડ રૂપિયાના ખર્ચે વૈશ્વિક

કક્ષાનું આધુનિક આ ધામ બનાવાશે. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ લોકોને પોતાના આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવા અપીલ કરી.

. . . . . . . . . . . . .

# WEATHER UPDATE

રાજ્યમાં ઠંડીનું જોર વધ્યું છે. તેવામાં કચ્છના નલિયામાં સૌથી ઓછું ૩.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. ભુજમાં પણ નવ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયાના અહેવાલ છે. જ્યારે નખત્રાણાના રણકાંધી વિસ્તારમાં બરફની ચાદર પણ છવાઈ છે.

. . . . . . . . . . . . .